પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૨૩ | ૨૪ ઓક્ટોબર, ૨૦૧૭, મંગળવાર ; કારતક સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગુજરાતમાં ઉઠેલા અવાજને દબાવી શકાશે નહિ : રાહુલ





## ગુજરાતમાં ચાલતા સામાજિક આંદોલનો એ વાતની ગવાહી આપે છે કે અહિ ઉદ્યોગપતિઓ માટે ચાલતી સરકારનું શાસન છે

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતમાં ઉઠેલો ભાજપ વિરોધી અવાજને દબાવી શકાશે નહી કે ખરીદી શકાશે નહિ તેમ આજે કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ જનાદેશ મહાસમર્થન રેલીને સંબોધતાં કહ્યું હતું. તેમણે કહ્યું કે આ દેશમાં ગુજરાતના અવાજની એક આગવી ઓળખ રહી છે. સરદાર અને ગાંધીજીએ દેશની આઝાદી માટેનો અવાજ પણ ગુજરાતમાંથી ઉઠાવ્યો હતો અને એ ગુજરાતના અવાજે દેશમાં તાકાતવર અંગ્રેજોને હટાવી ઉખાડી ફેંક્યા હતા.

રાહુલે જણાવ્યુ હતુ કે આજે ગુજરાતભરમાં સામાજિક આંદોલનો ચાલી રહ્યા છે અને ગુજરાતના ખૂણે ખૂણે વસેલા દરેક ગુજરાતીઓ આ આંદેલનો સાથે જોડાયેલા છે. તેમણે કહ્યુ કે ગુજરાતમાંથી ઉઠેલા અવાજને ખરીદવાની કે દબાવવાની કોશિશ હવે સફળ થવાની નથી. પ્રધાનમંત્રી મોદી પર સીધો હુમલો બોલી રાહુલે જણાવ્યુ હતુ કે આ અવાજમાં જે વાત આવે છે તે તમે માત્ર ઉદ્યોગપતિઓ અને મૂડીપતિઓ માટે સરકાર ચલાવી હતી તે પુરવાર થાય છે. સમાજનો દરેક વર્ગ દુ:ખી થઈ આ સામે બંડ પોકારી રહ્યો છે.

જીએસટી અંગે બોલતાં તેમણે કહ્યું હતુ કે આ ગબ્બરસિંહ ટેક્ષ છે. જીએસટીએ કોંગ્રેસનો વિચાર હતો અને તેને અમલમાં મુકતાં પહેલાં અમે સરકારને વારંવાર ચેતવ્યા હતા કે આમાં ઉતાવળ ના કરતા અને આડેધડ ના લગાવતા. પરંતુ સરકાર અમારી કોઈ વાત માનવા તૈયાર ન હતી.

તેમણે કહ્યુ કે જીએસટી થકી દેશના ઔદ્યોગિક એકમોથી લઈ નાના-નાના વેપારી સહિત તમામ લોકો પરેશાન છે. જી.એસ.ટી.ના દરોનું સરળીકરણ કરવુ જ પડશે અને તો જ દેશનું અર્થતંત્ર બચી શકશે. તેમણે કહ્યું કે નોટબંધી અને જઈએસટીએ દેશના અર્થતંત્રની કમર તોડવાનું કામ કર્યું છે.

મોદી સામે આક્ષેપો કરતાં કોંગ્રેસ ઉપાધ્યક્ષે કહ્યુ હતુ કે દેશના મોટા ઉદ્યોગપતિઓની બેંકલોન માફ કરી પણ ગુજરાતના ખેડૂતોના દેવા માફ કરી ના શક્યા. તેમણે એમ પણ કહ્યુ હતુ કે નેનો પ્રોજેક્ટ માટે ગુજરાત સરકારે લોન આપી પછી આ પ્રોજેક્ટનું શું થયું ? ગુજરાતમાં પણ નેનો કાર પરતી દેખાતી નથી.

રાહુલ ગાંધીએ કહ્યુ કે મોદીજી તમે મન કી બાત કહો છો હું તમને ગુજરાતીના દિલની વાત કહુ છુ. ગુજરાતમાં આરોગ્ય સેવાઓ મોંઘી કરી શિક્ષણનું ખાનગીકરણ કરી અને શું તમે કર્યું ? શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિ.ઓ તો ઉદ્યોગગૃહોના સંચાલકોને હવાલે કરી દીધી.

● અનુસંધાન પાના - ૩ પર

## હિમાચલના પરિણામ પહેલા ગુજરાતમાં મતદાન : પંચ

નવી દિલ્હી,તા. ૨૩

ગુજરાત ચૂંટણીની તારીખોને લઈને ચાલી રહેલા રાજકીય ધમસાણ વચ્ચે મુખ્ય ચૂંટણી કમિશનરે સંકેત આપ્યો છે કે, હિમાચલ પ્રદેશ ચૂંટણીના પરિણામ પહેલા ગુજરાતમાં ચૂંટણી કરાવી દેવામાં આવશે. મુખ્ય ચૂંટણી કમિશનલ અચલકુમાર જ્યોતિએ માહિતી આપતા કહ્યું છે કે, ચૂંટણી પંચ આ પ્રકારની યોજના પર કામ કરી રહ્યું છે કે, હિમાચલ પ્રદેશમાં ચૂંટણીના પરિણામ પહેલા જ ગુજરાતમાં ચૂંટણી કરાવી દેવામાં આવે જેથી આ પરિણામોની અસર ગુજરાત વોટિંગ ઉપર થશે નહીં. હિમાચલ પ્રદેશમાં નવમી નવેમ્બરના દિવસે મતદાન થનાર છે. જ્યારે ૧૮મી ડિસેમ્બરના દિવસો મતગણતરી થનાર છે. આ સંબંધમાં સીઈસીએ કહ્યું છે કે, ત્યાંના સ્થાનિક વહીવટીતંત્ર અને પાર્ટીઓએ ચૂંટણી પંચને રજૂઆત કરી હતી કે, નવેમ્બરના મધ્યમાં ચૂંટણી યોજવામાં આવે અને હવામાનની દ્રષ્ટિએ પણ આ સ્થિતિ આદર્શ રહેશે. કારણ કે, ઠંડીના દિવસોમાં ત્રણ જિલ્લાઓમાં હિમવર્ષાના કારણે હિમાચલ પ્રદેશમાં હમેશા તકલીફ ઉભી થાય છે.

## માસુમ બાળકીએ રાહુલ ગાંધીનું મોં મીઠુ કરાવ્યું

ઓબીસી સમાજની નાની બાળકીએ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીનું મોં મીઠુ કરાવ્યું હતું. નાની બાળકી જયારે તપેલીમાં મીઠાઇ લઈને આવી ત્યારે રાહુલ ગાંધી નીચે નમ્યા હતા અને બાળકીએ તેમને મોં મીઠુ કરાવ્યું હતુ. રાહુલ ગાંધીએ હસતા ચહેરે મોં મીઠુ કરી બાળકીના માથા પર પ્રેમથી હાથ ફેરવ્યો હતો. તેની સાથે આવેલી બીજી નાની બાળકીને પણ રાહુલ ગાંધીએ સાથે લઈ તેમની સાથે ફોટા પડાવ્યા હતા અને ઉપસ્થિત જનમેદનીનું અભિવાદન કર્યું હતું. ત્યારબાદ ઓબીસી નેતા અલ્પેશ ઠાકોરે પણ રાહુલ ગાંધીનું મોં મીઠુ કરાવ્યુ હતું. આ પહેલા રાહુલ ગાંધીના સ્વાગત વખતે તેમને લાલ કલરની પાઘડી અને સૂતરની આંટી પહેરાવી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.



## શ્રીલંકા સામે ટેસ્ટ શ્રેણી માટે ટીમ જાહેર

### અશ્વિન, જાડેજા અને કુલદીપ યાદવ સ્પીનર તરીકેની જવાબદારી સંભાળશે વાઇસ કેપ્ટન તરીકે રહાણેની નિમણૂંક

નવી દિલ્હી,તા. ૨૩

શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણી અને ન્યુઝીલેન્ડ સામે રમાનારી ટ્વેન્ટી શ્રેણી માટે આજે ટીમં ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ હાલમાં ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવ્યો હતો. શ્રીલંકા સામે રમાનારી ટેસ્ટ શ્રેણી માટે ટીમમાં ઓપનિંગ બેટ્સમેન મુરલી વિજયનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે રહાણેને ટીમના વાઈસ કેપ્ટન તરીકેની જવાબદારી સોંપી દેવામાં આવી છે.ટીમમાં અભિનવ મુકુન્દની જગ્યાએ મુરલી વિજયની વાપસી થઈ છે. સતત ત્રણ વનડે શ્રેણીથી બહાર રહેનાર સ્પીનર રવિન્દ્ર જાડેજા, આર. અશ્વીનનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રીલંકાના પ્રવાસમાં એક પણ ટેસ્ટ મેચ નહી રમનાર રોહિત શર્મા

● અનુસંધાન પાના - ૩ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ

ફ્રી કેમ્પ દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટેઃ ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

સેવાકીય અને સંસ્કારલક્ષી કાર્યક્રમો થકી ગત ૨૪ વર્ષોથી કાર્યરત સામાજિક સંસ્થા
ભારત વિકાસ પરિષદ
ગાંધીનગર
તરફથી
સર્વે સભ્યો અને નગરજનોને નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ
ચંદ્રકાન્ત રાવલ — પ્રમુખ
દીપક પટેલ — મંત્રી

નવું વર્ષ સૌ માટે સુખદાયી, ફળદાયી નીવડે એવી કામના
સૌ મિત્રોને નૂતનવર્ષાભિનંદન

મહંમદ ઈસ્માઈલ પઠાણ (ભગત)
મહામંત્રી, લઘુમતિ મોરચો
ભાજપ, ગાંધીનગર જિલ્લા

ગાંધીનગર જિલ્લાના સૌ નાગરિકોને
નૂતન વર્ષાભિનંદન
બહુજન સમાજ પાર્ટી

દીપરાજ મહેરા
પ્રભારી, ગાંધીનગર દક્ષિણ, વિધાનસભા
મો. ૯૬૦૧૦ ૮૦૮૫૫

નવું વર્ષ સૌ નગરજનો માટે સુખદાયી, ફળદાયી નીવડે એવી કામના
નૂતનવર્ષાભિનંદન

વસંતભાઈ રાઠોડ
મંત્રી, ગાંધીનગર શહેર ભાજપ

વોર્ડ નં. ૮ના સૌ પરિવારજનોને હૃદયપૂર્વકની શુભકામનાઓ
નૂતનવર્ષાભિનંદન

પાયલબેન વિનોદભાઈ મેણાત
કોર્પોરેટર, વોર્ડ નં. ૮,
ગાંધીનગર મહાનગરપાલિકા